For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઝાંપાબજાર, દેવડી

(તસવીર : હેમંત ડેરે)

વરાછા, ખાંડ બજાર

(તસવીર : સતીષ જાદવ)

આકાશમાંથી આફત વરસતાં અને ખાડીમાંથી સંકટ ઊભરાતાં

સુરત શહેર બેહાલ

મંગળવારે સવારે 10 વાગ્યાથી શરૂ થયેલા ભારે વરસાદે બે-બે કલાકમાં સતત 3થી 4 ઈંચ પાણી ઝીંક્યું

સતત ભારે વરસાદની સાથે ખાડીઓ છલકાતાં સુરતના મોટાભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા

બેઝમેન્ટની દુકાનોમાં પાણી ભરાઈ ગયા, સ્કૂલ-કોલેજોમાં રજા આપી દેવી પડી, જનજીવન ખોરવાયું

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલ રાતથી શરૂ થયેલી મેઘરાજાની તોફાની બેટિંગે મંગળવારે વહેલી સવારે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે સવારના 10 વાગ્યાના અરસામાં મુશળધાર વરસાદ તૂટી પડતાં આખું શહેર જળબંબાકાર થઈ ગયું હતું અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બન્યું હતું. મંગળવારે સવારના 6 થી સાંજના 6 વાગ્યા સુધીના માત્ર 12 કલાકમાં જ શહેરમાં સરેરાશ 12.24 ઈંચથી લઈને 18.50 ઈંચ જેટલો અતિભારે વરસાદ નોંધાયો હતો. જેને કારણે સુરતમાં મોટાભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મોટાભાગના વિસ્તારોમાં બે ફુટથી શરૂ કરીને ચાર ફુટ સુધીના પાણી ભરાઈ જતાં બેઝમેન્ટ અને ભોંયતળિયા પાણી-પાણી થવાની સાથે વાહનો ડૂબી ગયા હતા. પાણી લોકોના ઘરોમાં ઘૂસી જતાં

...અનુસંધાન પાના 5 પર

વૃક્ષો પડવાના 34 , ઈલે. શોર્ટ સર્કિટના 6, 14 વિસ્તારમાં માથા સુધી પાણી ભરાવાના કોલથી ફાયર દોડતું રહ્યું

સુરત શહેરમાં પડેલા ધોધમાર વરસાદને કારણે આજે શહેરના અલગ અલગ વિસ્તારોમાં 34 જેટલા વૃક્ષો પડી જવાના ફોન ફાયર બ્રિગેડ વિભાગને મળતા

...અનુસંધાન પાના 5 પર

અગાઉ 2004માં સુરતમાં એક જ દિવસમાં બાર કલાકમાં 13 ઈંચ વરસાદ પડ્યો હતો

સુરતમાં આજે મંગળવારે 12 જ કલાકમાં 13 ઈંચ વરસાદ પડ્યો તે વિક્રમી છે. કારણ કે છેલ્લા બે દાયકામાં 12 જ કલાકમાં સુરતમાં આવો વરસાદ પડ્યો નથી. છેલ્લે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ઐતિહાસિક ડેટા અનુસાર, વર્ષ ૨૦૦૪માં પણ સુરતમાં એક જ

...અનુસંધાન પાના 5 પર

અનેક ટ્રેનો રદ કરાઈ, અનેક અટકાવાઈ: સુરતમાં ૩૨ હજાર મુસાફર અટવાયા

વરસાદ અને લેન્ડસ્લાઈડના કારણે સતત બીજા દિવસે પણ રેલ વ્યવહાર ખોરવાયો

શતાબ્દી એક્સપ્રેસ અને મેમુ સહિત 14 મેઇલ-એક્સપ્રેસ ટ્રેનો રદ, અનેક ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા

સુરતઃ મુંબઈ ડિવિઝનમાં સુરત સહિત અનેક સ્થળોએ પાટા પર પાણી ભરાવા, ટ્રેક વોશઆઉટ અને પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન થવાને કારણે આજે સતત બીજા દિવસે પણ ડઝનબંધ ટ્રેનોને રદ્દ, ડાયવર્ટ, શોર્ટ-ટર્મિનેટ અને રિશેડ્યુલ કરવાની ફરજ પડી છે. આ આકસ્મિક પરિસ્થિતિની સૌથી વધુ માઠી અસર સુરત સ્ટેશન પર જોવા મળી હતી, જ્યાં દિવસભર અંદાજે 32 હજાર જેટલા મુસાફરો હેરાન-પરેશાન થયા હતા.

...અનુસંધાન પાના 5 પર

તમામ ST બસોને કામરેજ ખાતે જ રોકી દેવાઈ

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વહેલી સવારથી શરૂ થયેલા ધોધમાર વરસાદને પગલે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સુરત શહેરના તમામ નીચાણવાળા વિસ્તારો, સોસાયટીઓ અને મુખ્ય માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહારને ભારે માઠી અસર પહોંચી છે. શહેરમાં સર્જાયેલી જળબંબાકારની આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુરક્ષા અર્થે એક તાકીદનો અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રસ્તાઓ પર પાણી ફરી વળવાને કારણે સુરત સેન્ટ્રલ બસ ડેપો તરફ આવતી અને ત્યાંથી ઉપડતી તમામ એસટી બસોની મૂવમેન્ટ બપોરના સમયે સંપૂર્ણપણે અટકાવી દેવામાં આવી હતી. આ આકસ્મિક પરિસ્થિતિમાં ડેપો પ્રશાસન દ્વારા સુરત તરફ આવતી તમામ એસટી બસોને બપોરે એક વાગ્યાથી જ શહેરની બહાર એટલે કે કામરેજ ચોકડી સહિતના આસપાસના વિસ્તારોમાં જ રોકી દેવાની ફરજ પડી હતી. બસોને કામરેજ ખાતે જ શોર્ટ-ટર્મિનેટ કરીને ત્યાં જ તમામ મુસાફરોને ઉતારી દેવામાં આવ્યાં હતા, જેના કારણે અન્ય ગામ કે શહેરોમાંથી સુરત આવી રહેલા હજારો મુસાફરો અધવચ્ચે અટવાઈ પડ્યા હતા અને તેઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સુરત ડેપોની અંદર પણ પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ હોવાથી બસોનું સંચાલન કરવું અશક્ય બન્યું હતું. આ અંગે પત્રકારો સાથેની વાતચીતમાં

...અનુસંધાન પાના 5 પર

સુરતમાં અતિભારે વરસાદની આગાહીથી આજે પણ સ્કૂલ-કોલેજોમાં રજા

એમબીબીએસની પરીક્ષા પણ મોકૂફ, થર્ડ યર એમબીબીએસ કમ્યુનિટી મેડિસિનની પરીક્ષા હવે 13 જુલાઈએ યોજાશે

સુરતઃ સુરત જિલ્લામાં બુધવાર, તા. 8 જુલાઈ, 2026ના રોજ સવારે ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી રજા જાહેર કરવામાં આવી છે. જ્યારે એક એમબીબીએસની પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી છે. આજે પણ સ્કૂલ-કોલેજોમાં રજા આપી દેવામાં આવી હતી.

...અનુસંધાન પાના 5 પર

શહેર અને નગરપાલિકા વિસ્તારની કોલેજોમાં વિદ્યાર્થીઓને રજા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ સુરત મહાનગરપાલિકા તથા સુરત જિલ્લાની તમામ નગરપાલિકા વિસ્તારોમાં આવેલી કોલેજોમાં માત્ર વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી કોલેજો માટે સ્થાનિક વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને કોલેજમાં બોલાવવા કે નહીં તે અંગેનો નિર્ણય સંબંધિત કોલેજના આચાર્યશ્રી અથવા વિભાગીય વડા વિવેકબુદ્ધિપૂર્વક અને વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખીને લેશે. સાથે જ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના

...અનુસંધાન પાના 5 પર

સુરતમાં ખાડીપૂર, તમામ ખાડીઓ છલકાઈ ઊઠી

ખાડી છલકાવાને કારણે પાંડેસરા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ બંધ કરવા પડ્યા

તમામ ખાડી ભયજનક સપાટી વટાવી જતાં પાણી ફરતેના વિસ્તારોમાં ઘૂસી ગયા,

ખાડી	હાલ લેવલ(રાત્રે 8 વાગ્યે)	ભયજનક સપાટી
કાંકરા	7.90	8.48
ભેદવાડ	9.00	7.20
મીઠી ખાડી	9.40	9.35
ભાઠેના	8.10	8.25
સિમાડા	5.50	4.05

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં વરસેલા ધોધમાર વરસાદની સાથે ઉપરવાસમાં આવેલા કામરેજ અને પલસાણા તાલુકામાં પણ વરસાદનું જોર વધતાં સુરતમાંથી પસાર થતી ખાડીઓના લેવલમાં સતત અને ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો. ઉપરવાસના પાણીની ભારે આવકને કારણે કાંકરા ખાડી સિવાય શહેરની તમામ ખાડીઓ ઓવરફ્લો થઈ ગઈ હતી, જેના લીધે ખાડી કિનારાના રહેણાક અને કોમર્શિયલ વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં મનપાનું તંત્ર દોડતું થયું હતું. સૌથી વધુ વરસાદ વરાછા ઝોન-એ અને બીમાં નોંધાયો હતો, જેને પગલે વરાછા વિસ્તારમાંથી પસાર થતી સીમાડા ખાડી બપોરે

...અનુસંધાન પાના 5 પર

વરસાદી મજા, બની મોતની સજા

સચિનમાં પાણી ભરાયેલા ખાડામાં ડૂબી જતાં બે માસૂમના કરુણ મોત

સચિન રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા અનુજ ઠાકુરની 7 વર્ષિય પુત્રી શ્રેયા અને 6 વર્ષનો પુત્ર કિષ્ના રમતા રમતા ઊંડા ખાડામાં પડી ગયા

છઠ્ઠ પૂજા માટે ખોદાયેલા ખાડામાંથી એક કલાકની શોધખોળ બાદ બંને મૃત હાલતમાં મળ્યા

સુરતઃ સુરત શહેરમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સચિન વિસ્તારમાં વરસાદમાં ન્હાવાની મજા બે માસૂમ બાળકો માટે જીવલેણ સાબિત થઈ હતી. સોસાયટીમાં છઠ્ઠ પૂજા માટે ખોદવામાં આવેલા અને વરસાદી પાણીથી ભરાયેલા ખાડામાં ડૂબી જતાં 7 વર્ષની બાળકી અને 6 વર્ષના બાળકનું કરુણ મોત થયું હતું. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

વીજકરંટથી એક જ દિવસમાં 4નો ભોગ લેવાયો

સુરતમાં અલગ અલગ ઘટનાઓમાં છ વર્ષની બાળકીથી લઈને આધેડ વય સુધીના લોકો ભોગ બન્યા

સુરતઃ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા 24 કલાક દરમિયાન

...અનુસંધાન પાના 5 પર

ઘટના-1 મૂળ મહારાષ્ટ્રના વતની સાજીદ કુરેશી હાલમાં માનદરવાજા ખાતે બાખડ મોહલ્લામાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 6 વર્ષની પુત્રી અલીના મદરેસામાં અભ્યાસ કરતી હતી. આજે સવારે અલીના મદરેસાથી ઘરે આવી હતી. ત્યારે તે દાદર ચડતી વખતે લોખંડની

...અનુસંધાન પાના 5 પર

ઘટના-2 બીજા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની દેવેન્દ્રકુમાર સિંગ હાલમાં ડીંડોલી વિસ્તારમાં આવેલ સરસ્વતી નગરમાં બે પુત્ર સહિતના પરિવાર સાથે રહે છે અને નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી 16 વર્ષીય વિનોદ આજે સવારે ઘરના નાકા પાસે વરસાદમાં ન્હાવા માટે ગયો હતો. જ્યાં આઇસક્રીમની દુકાનમાં

...અનુસંધાન પાના 5 પર

ઘટના-3 ત્રીજા બનાવમાં, લિંબાયત મીઠી ખાડી ખાતે નુરેઇલાહી નગરમાં રહેતો 18 વર્ષીય શાહિદ રસિદ સિદ્દીકી સોમવારે સોમવારે રાત્રે ઘર પાસે વરસાદમાં મજૂરોને પૈસા આપવા જતો હતો. તે વખતે ઘર પાસે લોખંડના દાદરને અડી જતા તેને કરંટ લાગતા ત્યાં હાજર વ્યક્તિઓ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં

...અનુસંધાન પાના 5 પર

ઘટના-4 ચોથા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની રામ સુરેશ પાંડે (56 વર્ષ) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલ ઈશ્વર નગરમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. આજે સવારે તેઓ ઘર પાસે આવેલ હનુમાનજીના મંદિરમાં સેવા માટે ગયા હતા. દરમિયાન સેવા કરતી વખતે તેઓને વીજ કરંટ લાગતા તેમનું મોત થયું હતું.

...અનુસંધાન પાના 5 પર

ટેરેસ પર નાહવામાં કતારગામની પરિણીતા પર વીજળી પડતાં મોત

સુરતઃ શહેરમાં સોમવારે ધોધમાર વરસાદ અને વીજળીના કડાકા-ભડાકા વચ્ચે કતારગામ વિસ્તારમાં હૃદયદ્રાવક ઘટના બની હતી. વરસાદમાં નાહવા માટે ટેરેસ પર ગયેલી 22 વર્ષીય નવપરિણીતાના શરીર પર અચાનક વીજળી પડતાં તેનું કરૂણ મોત નીપજ્યું

...અનુસંધાન પાના 5 પર

વરાછામાં વૃક્ષ તૂટી પડતાં ત્રણ દબાયા, બેનાં મોત, 1નો બચાવ

સુરતઃ વરાછા મીની બજાર પાસે વૃક્ષ તૂટી પડતાં ત્રણ લોકો દબાયા હતા. જેમાં રત્નકલાકાર સહિત બેના મોત થયા હતા. તેમજ એકનો બચાવ થયો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અરુણકુમાર યોગેન્દ્ર પંડિત (33 વર્ષ) હાલમાં સૈયદપુરા વિસ્તારમાં આવેલ ખારી શેરીના દારૂવાલા બિલ્ડીંગમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને વરાછા ખાતે હીરાના કારખાનામા નોકરી કરતો હતો. મંગળવારે સાંજે અરુણકુમાર કામ માટે જઈ રહ્યા હતા. ત્યારે મીનીબજાર માનગઢ ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન અચાનક તેમના ઉપર એક ઝાડ તૂટીને પડ્યું હતું. આ અકસ્માતમાં અરુણકુમાર, નરેશભાઈ જીવરાજભાઈ પીપલીયા (ઉ.વ 44, રહે. ધનમોરા ચાર રસ્તા કતારગામ) તેમજ અન્ય એક વ્યક્તિ સહિત

...અનુસંધાન પાના 5 પર

અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

શ્રી દમણીયા સોની - સંયુક્ત બેસણું

સ્વ.ગં.સ્વ. રમીલાબેન વિઠ્ઠલભાઈ સોની

જન્મ તા. ૦૭/૦૬/૧૯૩૬, સ્વર્ગવાસ તા. ૦૪/૦૭/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃ શ્રી / બહેન શ્રી ગં.સ્વ. રમીલાબેન વિઠ્ઠલભાઈ સોની તારીખ ૦૪/૦૭/૨૦૨૬ ને શનિવારે શ્રી રંગ શરણ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગત ના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

:: સદ્‌ગત નું સંયુક્ત બેસણું ::

તારીખ ૧૦/૦૭/૨૦૨૬ ને શુક્રવારે રાખેલ છે. સમય : ૪ થી ૬

સ્થળ: પહેલો માળ, મોઢ ઘાંચી પંચની વાડી, શાક માર્કેટ સામે, દુધિયા તળાવ નવસારી.

(લૌકિક રિવાજ બંધ રાખેલ છે.)

લિ.

દેવેન્દ્ર વિઠ્ઠલભાઈ સોની (પુત્ર)	વિરલ વિઠ્ઠલભાઈ સોની (પુત્ર)
ભદ્રેશ વિઠ્ઠલભાઈ સોની (પુત્ર)	ડો. દિપ્તી રાકેશભાઈ આચાર્ય (પુત્રી)
વિપુલ વિઠ્ઠલભાઈ સોની (પુત્ર)	કિશોરભાઈ મગનલાલ પારેખ (ભાઈ)


સુરત ક્ષત્રિય દુઃખદ અવસાન

સ્વ. કાંતીલાલ ચીમનલાલ વણાસીવાલા

સ્વ. તા. ૦૭/૦૭/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન કાંતીલાલ ચીમનલાલ વણાસીવાલા તા. ૦૭/૦૭/૨૦૨૬ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્‌ગતની સ્મશાન યાત્રા તા. ૦૮/૦૭/૨૦૨૬ ને બુધવારનાં રોજ સવારે ૮.૩૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી રામનાથ ઘેલા ઉમરા જશે.

બેસણું તા. ૦૯/૦૭/૨૦૨૬ ને ગુરૂવારનાં રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન સીંગાપુરીની વાડી, એ.સી. હોલ ખાતે રાખેલ છે.

લિ. સ્વ. કુસુમબેન કાંતીલાલ વણાસીવાલા

ભુપેન્દ્ર કાંતીલાલ વણાસીવાલા (પુત્ર)	પુલકેશી ભુપેન્દ્ર વણાસીવાલા (પુત્રવધુ)
પ્રમોદ કાંતીલાલ વણાસીવાલા (પુત્ર)	દક્ષા પ્રમોદ વણાસીવાલા (પુત્રવધુ)
હંસા કાંતીલાલ વણાસીવાલા (પુત્રી)	
રોહીણી અમીતકુમાર ખત્રી (પુત્રી)	સ્વ. અમીતકુમાર જશવંતલાલ ખત્રી (જમાઈ)
મીતુલ પ્રમોદ વણાસીવાલા (પૌત્ર)	મીતાલી મીતુલ વણાસીવાલા (પૌત્રવધુ)
પાયલ, કીંજલ, પ્રાર્થવી (પૌત્રી)	પ્રીયમ અમિતકુમાર ખત્રી (ભાણેજ)

તથા સમસ્ત ચીમનલાલ ભુખણદાસ વણાસીવાલા પરિવાર